ભાજપ અને AAPમાં લોકો જોડાઈ રહ્યાં છે ત્યારે કોંગ્રેસમાં નેતાઓ પાર્ટી છોડી જઈ રહ્યાં છે

## ભરૂચ કોંગ્રેસમાં નારાજીનામા

# શહેર પ્રમુખ સહિત સાત યુવાએ હાથનો સાથ છોડ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

રાજ્યમાં વિધાનસભાની ચુંટણી પહેલાં ભાજપ, કોંગ્રેસ અને આપ સંગઠન મજબુત કરવામાં લાગી ગયાં છે. ભાજપ અને આમ આદમી પાર્ટીમાં લોકો જોડાયા રહયાં છે ત્યાં કોંગ્રેસમાંથી એક પછી એક રાજીનામા પડી રહયાં છે. ભરૂચમાં યુવક કોંગ્રેસના મહામંત્રી સહિત 7 આગેવાનોએ રાજીનામા આપી દીધાં છે. આગામી દિવસોમાં આ તમામ ભાજપનો ખેસ પહેરે તેવી સંભાવનાઓ જોવામાં આવી રહી છે. ભરૂચ જિલ્લામાં સંગઠન મજબુત કરવાની કવાયતમાં લાગેલી કોંગ્રેસના એક બાદ એક નેતાઓ પક્ષ છોડીને જઈ રહયાં છે. ભરૂચની વાત કરવામાં આવે તો ભરૂચ શહેર પ્રમુખ, ઉપપ્રમુખ, પ્રદેશ યુવા મહામંત્રી સહિત સાત હોદેદારોએ રાજીનામુ આપી દીધું છે. આ તમામ આગેવાનો કોંગ્રેસ છોડી ભાજપમાં સામેલ થયેલાં હાર્દિક પટેલના ચુસ્ત સમર્થકો હોવાની રાજકીય ચર્ચા ચાલી રહી છે. કોંગ્રેસમાંથી રાજીનામા આપનારા આગેવાનોએ પાર્ટીમાં આતરિક જુથવાદના કારણે હાર્દિક પટેલ જેવા યુવા નેતાને પાર્ટી છોડવાની ફરજ પડી તેમ જણાવવામાં આવ્યું છે. આ ઉપરાંત તેમણે પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોરની કાર્યશૈલી સામે પણ સવાલો ઉઠાવ્યાં છે. કોંગ્રેસમાંથી રાજીનામા આપનારા તમામ ટુંક સમયમાં ભાજપમાં જોડાઈ જશે તેવી સંભાવના વ્યકત કરવામાં આવી રહી છે. ભાજપ અને આમ આદમી પાર્ટીમાં લોકો જોડાયા રહયાં છે ત્યાં કોંગ્રેસમાંથી એક પછી એક રાજીનામા પડી રહયાં છે હોવાથી ઉલટી ગંગા જોવા મળી રહી છે.

### ભાજપના સંનિષ્ઠ કાર્યકરોના માથે કોંગ્રેસનું વધુ એક સ્કાયલેબ ત્રાટકે તેવી સંભાવના

### નવા શહેર પ્રમુખ તરીકે હરીશ પરમારની વરણી

*ભરૂચ શહેર કોંગ્રેસના નવા પ્રમુખ તરીકે હરીશ પરમારની વરણી કરવામાં આવી છે. રાજીનામુ આપનારા આગેવાનોને પ્રદેશના મોવડી મંડળ સાથે વિખવાદ હતો. આ તમામને સમજાવવાના પ્રયાસ પણ કરવામાં આવ્યાં હતાં. તેઓ પાર્ટી છોડીને ગયાં તે દુખદ બાબત છે.* » પરિમલસિંહ રણા, પ્રમુખ, ભરૂચ જિલ્લા કોંગ્રેસ

### રાજીનામું આપનારા આગેવાનો

શહેર કોંગ્રેસ પ્રમુખ વિક્કી શોખી, પ્રદેશ યુવા મહામંત્રી નિકુલ મિસ્ત્રી, શહેર ઉપપ્રમુખ કિરણ ચૌહાણ, ખજાનચી કિરણ પરમાર, જિલ્લા યુથ કોંગ્રેસના રાધે પટેલ, કિશોરસિંહ અને રાકેશ ગોહિલ

### ભાજપ સાથે ગુપ્ત ડીલ થઇ હોવાની ચર્ચા

રાજ્યમાં વિધાનસભાની ચુંટણી બાદ કોંગ્રેસના મોટા નેતાઓ ભાજપમાં જોડાઈ રહયાં છે. ભાજપ પણ કોંગ્રેસના નેતાઓ અને આગેવાનોને વીણી વીણીને પોતાની પાર્ટીમાં સામેલ કરી રહી છે. ત્યારે ભરૂચ કોંગ્રેસમાંથી રાજીનામુ આપનારા આગેવાનો અને ભાજપના નેતાઓ વચ્ચે ગુપ્ત ડીલ થઈ હોવાની પણ ચર્ચા ચાલી રહી છે.

## નર્મદાના પૂરમાં 60 ફૂટ લાંબો ગોરા ઘાટ પાણીમાં ગરકાવ

ભાસ્કર ન્યૂઝ | રાજપીપળા

સરદાર સરોવર નર્મદા ડેમ ના ઉપરવાસમાંથી 7 લાખ 40 હજાર ક્યુસેક પાણી આવતા ડેમ ના 23 દરવાજા ખોલવામાં આવ્યા છે આ દરવાજા છેલ્લા 6 દિવસ થી સતત ખુલ્લા રાખવામાં આવ્યા છે. જેમાંથી 6 લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ત્યારે આ નર્મદા નદી ગાડીતુર બની છે. અને જે ગોરા ખાતે બનાવેલ આવેલ નર્મદા ઘાટ ડૂબી ગયો છે. આ ઘાટ ડૂબતા હાલ નર્મદા આરતી બંધ કરવામાં આવી છે. જોકે આ ઘાટ પર પ્રવાસીઓ પણ મોટી સંખ્યા માં આવી રહ્યા હોય પ્રવાસીઓ પાણીમાં ના જાય એ માટે પોલીસ અને SRP દ્વારા પોલીસ બંધોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. ગોરા ઘાટ 9 સ્ટેપમાં બનાવાયો છે લગભગ 60 ફૂટથી પણ વધુ લાંબો આ ઘાટ છે અને નર્મદા નદીમાં મોટી માત્રામાં પાણી છોડાતા ઘાટ પાણીમાં ગરકાવ થયો છે.

---

ડેમના 23 ગેટ ખોલી 5 લાખ ક્યુસેક પાણી છોડવાનું ચાલુ રખાયું

## ભરૂચના ગોલ્ડનબ્રિજ ખાતે નર્મદા નદીની સપાટી 26.24 ફૂટે સ્થિર

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ



| એલર્ટ કરાયેલાં ગામોની સંખ્યા | |
|---|---|
| ભરૂચ | 14 |
| અંકલેશ્વર | 15 |
| ઝઘડીયા | 19 |
| હાંસોટ | 01 |
| તિલકવાડા | 05 |
| નાંદોદ | 23 |

નર્મદા ડેમમાંથી 5 લાખ ક્યુસેક પાણી છોડવામાં ચાલુ રાખ્યું હોવા છતાં ભરૂચના ગોલ્ડનબ્રિજ ખાતે નર્મદા નદીની સપાટી ગુરૂવારના રોજ 26.24 ફુટની સપાટીએ સ્થિર જોવા મળી હતી. નીચાણવાળા વિસ્તારોમાં હજી પાણી ભરાયેલાં હોવાથી 1,000 લોકો હજી સલામત સ્થળોએ આશરો લઈ રહયાં છે.

નર્મદા ડેમમાં હજી પણ 6 લાખ ક્યુસેકથી વધારે પાણી આવી રહયું છે જેની સામે નર્મદા નદીમાં 5.45 લાખ ક્યુસેક જેટલું પાણી આવી રહયું છે. ડેમમાંથી આવી રહેલાં પાણીના પગલે ભરૂચના ગોલ્ડનબ્રિજ ખાતે નર્મદા નદીની સપાટી 24 ફુટને પાર કરી ચુકી છે. નદીમાં પાણીનો આવરો જોતાં નદીની સપાટી 28 ફુટ સુધી પહોંચવાની શકયતા વચ્ચે ગુરૂવારે નદીની સપાટી 26.24 ફુટની સપાટીએ સ્થિર જોવા મળી હતી. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયેલાં હોવાથી અંકલેશ્વરના ખાલપીયા અને સરફુદીન, ભરૂચના નિકોરા અને તવરા બેટ તેમજ ગોલ્ડનબ્રિજ ઝુંપડપટ્ટીમાંથી આશરે એક હજાર લોકોને સલામત સ્થળોએ આશરો આપવામાં આવ્યો છે. નદીએ ભયજનક સપાટી પાર કરી હોવાથી ભરૂચ જિલ્લાના 59 અને નર્મદાના 28 ગામોને એલર્ટ કરવામાં આવ્યાં છે. ખાસ કરીને લોકોને નદી કિનારે નહિ જવા અપીલ કરવામાં આવી છે.

તહેવાર ટાણે કરાયેલા હુકમથી કહીં ખુશી કહીં ગમ

## ભરૂચ જિલ્લાના 93 પોલીસ કર્મીઓની આંતરિક બદલી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં તહેવાર ટાણે જ બદલીનો હૂકમ છૂટતાં કહીં ખુશી કહીં ગમનો માહોલ જોવા મળ્યો હતો. સરકાર દ્વારા એક તરફ પોલીસકર્મીઓના પગાર વધારાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે એક તરફ પોલીસકર્મીઓ પગાર વધારાની હજી ખુશી મનાવી રહ્યાં છે ત્યાં જ ચૂંટણીના એંધાણ વચ્ચે જિલ્લા પોલીસ વડા ડો. લીના પાટીલ દ્વારા જાહેર હિતમાં જિલ્લાના 93 પોલીસ કર્મીઓના બદલીનો હૂકમ કરતાં કેટલાંક પોલીસકર્મીઓ સારી પોસ્ટીંગને લઈને હરખાયાં હતાં. જ્યારે કેટલાંક કર્મીઓ મહદઅંશે દુ:ખી થયાં હતાં ભરૂચ જિલ્લામાં એસપી ડો. લીના પાટીલે કરેલી બદલીઓ પર નજર મારીએ તો ભરૂચ એ ડિવિઝનના 12, સી ડિવિઝનના 19, બી ડિવિઝનના 6 તેમજ ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનના 4 કર્મીઓની બદલી થઈ હતી. જે સાથે સાથે નબીપુરના 4, પાલેજ, દહેજ મરીન પોલીસના 2, મહિલા પોલીસ સ્ટેશનના 3, આમોદના બે, વાગરાના 4, અંક્લેશ્વર સિટીના 6, અંક્લેશ્વર રૂરલના 2 તેમજ નેત્રંગ - રાજપારડીના 7-7, વાલિયાના 6, ઉમલ્લાનો 2 તેમજ પાલેજ, દહેજ, જંબુસર, કાવી, અંક્લેશ્વર જીઆઈડીસી, વેડચ, હાંસોટમાં 1-1 મળી કુલ 93 કર્મચારીઓની આંતરિક બદલીનો હૂકમ કરવામાં આવ્યો છે.

ડ્રગ્સ કેસમાં ઝડપાયેલા બંને આરોપીઓના 13 દિવસના રિમાન્ડ મંજૂર

## રો-મટિરિયલના નિષ્ણાત મુંબઈના પી.પી. સિંગ પોલીસની રડારમાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાનોલીની ઈન્ફિનીટી રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ કંપનીમાંથી ભરૂચ પોલીસે 1383 કરોડની મત્તાનું ડ્રગ્સ ઝપ્ત કરી કંપનીના એક પાર્ટનર સહિત બે જણાની ધરપકડ કરી હતી. પ્રાથમિક પુછપરછમાં મુંબઈનો પી. પી. સિંગ નામનો શખ્સ નિષ્ણાંત હોઈ રો-મટિરીયલ બનાવી આપતો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. દરમિયાનમાં પોલીસે બન્નેને કોર્ટમાં રજૂ કરતાં અદાલતે બન્નેના 13 દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં છે.

પાનોલીની ઈન્ફિનિટી રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ કંપનીમાં મુંબઈ એન્ટી નાર્કોટિક્સ સેલ દ્વારા 1026 કરોડનું 513 કિલો ડ્રગ્સ ઝડપી પાડ્યાં બાદ ભરૂચ એસઓજી અને એલસીબી સાથે અંક્લેશ્વર રૂરલ પોલીસે પણ કંપનીમાં દરોડો પાડી કુલ 1383 કરોડની મત્તાનું 1300 કિલો લિકવીડ અને 83 કિલો પાવડર ફોર્મમાં ડ્રગ્સ ઝડપી પાડી કંપનીના એક ભાગીદાર ચિંતન પાનસેરિયા તેમજ સાગરિત જયંત તિવારીને ઝડપી પાડ્યાં હતાં. પ્રાથમિક પુછપરછમાં તેઓ બનાવેલાં ડ્રગ્સ માટેનું રો-મટિરીયલ મુંબઈનો નિષ્ણાંત પી. પી. સિંગ બનાવી આપતો હોવાનો ઘટસ્ફોટ થયો હતો. જેના પગલે પોલીસે તેની તપાસ શરૂ કરવા સાથે બન્નેને કોર્ટમાં રજૂ કરી પી. પી. સિંગની તપાસ સાથે આરોપીઓ કેટલાં સમયથી ડ્રગ્સનું ઉત્પાદન કરતાં હતાં. તેમજ તેઓ દ્વારા ડ્રગ્સ બનાવવા માટે વપરાતા કેમિકલ ખરીદી માટેના નિયમોના પાલનની વિગતો મેળવવા, ડ્રગ્સનું રેકેટ આતંરરાષ્ટ્રીય છે કે કેમ તેની તપાસ કરવા સાથે કેમિકલ માટેની પરવાનગી મેળવી છે કે નહીં અને મેળવી છે તો કયાં હેતુથી મેળવી છે તેની વિગતો મેળવવા અને અન્ય ભાગીદારોની ભુમિકા અને અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તેની તપાસ માટે તેમના રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજૂ કરતાં અદાલતે તેમના 13 દિવસના રિમાન્ડ મંજૂર રાખ્યાં હતાં.

---

## બેંક લૂંટના આરોપીની બાઈક ચોરીના ગુનામાં ધરપકડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ની યુનિયન બેંક ની લૂંટમાં સંડોવાયેલી આરોપીએ જીઆઈડીસી પોલીસ ટ્રાન્સફર વોરન્ટ પર ધરપકડ કરી હતી. 4 ઓગસ્ટના અંકલેશ્વર જી.આઈ. ડી.સીની સોલેનીશ કેમિકલ કંપનીના ગેટ બહાર સારંગપુર વિસ્તારમાં આવેલ અંજની ધારા સોસાયટીમાં રહેતા પવન રમેશચંદ્ર ગુપ્તાની 15 હજારની કિંમતની બાઈકની ચોરી થઈ હતી આ ચોરી અંગે જી.આઈ. ડી.સી.પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી . દરમિયાન યુનિયન બેંક ની લૂંટ ની ઘટનામાં સંડોવાયેલા લક્ષ્મણ નગરમાં રહેતા મનીષકુમાર નરેશ બંડેશ્વરી મંડલે બાઈકની ચોરી કરી હોવાનું કબુલ કરતા પોલીસે તેની અંકલેશ્વર સબ જેલમાંથી ટ્રાન્સફર વોરંટથી અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે અન્ય કોઈ બાઈક ચોરી તેમજ લૂંટ માં સંડોવણી છે કે કેમ તે અંગે રિમાન્ડની તજવીજ શરુ કરી હતી.

ત્રણ રસ્તા શાકમાર્કેટના વેપારીએ પોલીસ સ્ટેશનમાં નામજોગ અરજી આપી

## અંકલેશ્વર પાલિકાની સેનેટરી કમિટીના ચેરમેને તોડફોડ કરતાં વેપારીઓમાં રોષ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

રાજ્યમાં વિધાનસભાની ચુંટણી પહેલાં ભાજપના નેતાઓ વિવાદમાં આવી રહયાં છે. અંકલેશ્વર નગરપાલિકામાં ભાજપના સભ્ય અને સેનેટરી કમિટીના ચેરમેન વિશાલ ચૌહાણ તથા તેમના ટેકેદારોનો એક વિડીયો વાયરલ થયો છે. જેમાં આ તમામ ત્રણ રસ્તા શાક માર્કેટ પાસે તોડફોડ કરતાં દેખાઈ રહયાં છે. અંકલેશ્વરના ત્રણ રસ્તા વિસ્તારમાં 20 વર્ષ ઉપરાંતથી શાકભાજી માર્કેટ કાર્યરત છે. બુધવારે રાત્રીના ત્રણ જેટલા ઈસમોએ આવીને શાકભાજીની લારીઓ ઊંધી પાડી દીધી હતી. તેમણે તાડપત્રીઓ પણ ફાડી નાંખી હતી. આ ઘટના બાદ શાકભાજીના વેપારીઓમાં રોષ ફેલાયો છે.

આ સમગ્ર ઘટના ત્યાં લાગેલા મકાનના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ત્રણે ઇસમોના રોષનો ભોગ બનેલાં વેપારીએ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ ફરિયાદ આપી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, પાલિકાના વોર્ડ નંબર 4 ના સભ્ય અને સેનિટેશન ચેરમેન વિશાલ ચૌહાણ, ભાજપ લઘુમતી સેલના પ્રમુખ સફી ઉર્ફે મુસા તથા ભાજપના પૂર્વ નગરસેવકના પતિ કમલજીત ઠાકોરનાઓએ આવી તોડફોડ કરી છે. ફરિયાદમાં આ ત્રણેય લોકો નશામાં હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

બનાવ બાદ શાકમાર્કેટના વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહયો છે અને તેમણે એક દિવસ માટે ધંધો બંધ રાખી વિરોધ નોંધાવ્યો છે. જેમના પર આરોપ લાગ્યો છે તેવા આગેવાનો સામે પોલીસ શું કાર્યવાહી કરે છે તે જોવું રહયું... સમગ્ર બનાવ અંગે સેનેટરી વિભાગના ચેરમેન વિશાલ ચૌહાણનો સંપર્ક કરવામાં આવતાં તેમણે કામમાં હોવાનું જણાવી વધુ વાત કરી ન હતી.

## પંચમહાલ જિલ્લામાં કોરોનાના 6 કેસ

ગોધરા | પંચમહાલમાં કોરોનાના 6 કેસ નોંધાતા કુલ 11537 કેસ થયાં છે. ગુરવારે ગોધરા 1, હાલોલ 3, ગોધરા તાલુકામાંથી 1 અને જાંબુઘોડા તાલુકામાંથી 1 કેસ મળી આવ્યો છે. કોરોનાના 6 દર્દી સાજા થતાં રજા અપાઈ છે. 28 દર્દીઓ સારવાર હેઠળ છે.


**જાહેર નોટીસ** જન્મ પ.અ.નં. 54/2022 મુદત તારીખ : 3/09/2022

મે. બોડેલીના સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ. જ્યુડી. મેજી. સાહેબની કોર્ટમાં. મું. બોડેલી. (શ્રી બી.જી.પટેલ સાહેબ)

અરજદાર : નાયકા પ્રવીણભાઈ રમણભાઈ રહે. ખાંડીયાકુવા, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

વિરુદ્ધ

સામાવાળા : તલાટી કમ મંત્રી, ગેડીયા ગ્રામ પંચાયત, તા. બોડેલી, જી. છોટાઉદેપુર

વિષય : જન્મ/મરણની નોંધણી અધિનિયમની કલમ 13(3) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.

આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, સદર અરજીમાં અરજદારના પિતા નામે નાયકા રમણભાઈ મંગળભાઈ રહે. ખાંડીયાકુવા, તા. બોડેલી, જી. છોટાઉદેપુર મરણ તારીખ : 03-01-2015 ના રોજ નાના ખાંડીયાકુવા મુકામે ઘરે થયેલ છે. જેના મરણ ની નોંધણી જે તે વખતે શરતચુકથી તથા કાયદાની અજ્ઞાનતાને કારણે કરાવવાની રહી ગયેલ છે. તેની નોંધણી કરવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ પણ ઇસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં તારીખ પ્રસિદ્ધ થયેથી દિન-7 (સાત)માં યા તો મુદત તારીખ 03/09/2022 ના રોજ વાંધો રજુ કરવો. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. 08/08/2022 ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો. હુકમથી સહી/-

તૈયાર કરનાર સહી/- આસીસ્ટન્ટ | મુકાબલા કરનાર સહી/- ઈ.ચા. સીની. કલાર્ક | રજીસ્ટ્રાર એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ, બોડેલી



સેન્ટ્રલ બેંક ઑફ ઇન્ડિયા / सेन्ट्रल बैंक ऑफ इण्डिया / Central Bank of India — CENTRAL TO YOU SINCE 1911

ક્ષેત્રીય કાર્યાલય, પહેલો માળ, સીટી ટેલીફોન એક્સચેન્જ, બીએસએનએલ ભવન, કુબેર ભવનની પાસે, જેલ રોડ, વડોદરા -390001.

**ઈ-હરાજી વેચાણ નોટીસ**

પરિશિષ્ટ – IV-A (જુઓ નિયમ ૮(૬)ની શરત)

**સ્થાવર મિલકતના વેચાણ માટે વેચાણ નોટીસ**

ધી સિક્યોરીટાઇઝેશન એન્ડ રીકન્સટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટસ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટ ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વંચાવી લેતા સ્થાવર સંપત્તિની ઈ-ઓક્શન વેચાણ નોટીસ.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા(ઓ) તથા જામીનદારો ને નોટીસ આપવામાં આવે છે કે નીચે જણાવેલ સ્થાવર મિલકત કે જે સુરક્ષિત લેણદારને મોર્ટગેજ ચાર્જ કરેલ છે અને જેનો પ્રત્યક્ષ કબજો, સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા ના (સુરક્ષિત લેણદારના) અધિકૃત અધિકારી દ્વારા મેળવાયેલો છે, તે દેવાદારો અને જામીનદારો પાસેથી સુરક્ષિત લેણદારોની બાકી રકમની વસુલાત માટે 'જેમ છે જ્યાં છે' 'જે છે જેમ છે' અને 'જે છે તે છે' ના ધોરણે **તા. ૨૦.૦૯.૨૦૨૨** ના રોજ વેચાણ કરવામાં આવશે. અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝીટ સંબંધિત મિલકતોની સામે દર્શાવાયેલ છે.

**સ્થાવર મિલકતનું વર્ણન**

| ક્રમ | શાખાનું નામ અને શાખા પ્રબંધક/ અધિકૃત અધિકારી નો સંપર્ક | કરજદારો/માલિકો/ જામીનદારો ના નામ | સ્થાવર મિલકતનું વર્ણન | ડિમાન્ડ નોટીસ તારીખ અને બાકી રકમ | રીઝર્વ કિંમત (રૂ.) / ઇએમડી / બિડ વધારાની રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | નસવાડી શાખા પ્રબંધકઃ શ્રી રાકેશ પનવર મોઃ ૮૯૮૦૦૧૫૭૮૨ અધિકૃત અધિકારી શ્રી બ્રિજેશ કુમાર તિવારી મો.: ૮૯૮૦૦ ૧૫૭૭૭ | શ્રીમતી રેખાબેન સંજયભાઈ ભીલ (કરજદાર/માલિક) | રહેણાંક ઘર આવેલ છે તેનો આર.એસ. નં. ૧૩૫, પ્લોટ નં. એ-૮૮, સરકાર રેસીડન્સી, દાદા ના બગીચા ની સામે, મુ. પોસ્ટઃ નસવાડી, જીલ્લોઃ છોટાઉદેપુર-૩૯૧૧૫૦, ક્ષેત્રફળ ૪૪.૫૫ ચોરસ મીટર (આશરે). ચુતઃસીમાઃ પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. એ-૮૫, ઉત્તરઃ પ્લોટ નં. એ-૮૯, દક્ષિણઃ પ્લોટ નં. એ-૮૭. | ૧૧.૦૧.૨૦૨૨ રૂ. ૧૦,૫૦,૬૧૩.૦૦ + વ્યાજ અને બીજા ખર્ચા | રૂ. ૭,૭૮,૮૫૦/- / રૂ. ૭૭,૮૮૫/- / રૂ. ૧૦,૦૦૦/- |
| ૨. | નસવાડી શાખા પ્રબંધકઃ શ્રી રાકેશ પનવર મોઃ ૮૯૮૦૦૧૫૭૮૨ અધિકૃત અધિકારી શ્રી બ્રિજેશ કુમાર તિવારી મો.: ૮૯૮૦૦ ૧૫૭૭૭ | શ્રી મુનાભાઈ ભુપતભાઈ સંખાત (કરજદાર/માલિક) | રહેણાંક ઘર આવેલ છે તેનો આર.એસ. નં. ૧૦૪/એર/પીર, ખાતા નં. ૮૬, પ્લોટ નં. બી-૧૦, ગોવિંદ પાર્ક સોસાયટી, નસવાડી થી નાનપુરા રોડ, મુ. પોસ્ટઃ નાનપુરા, તાલુકોઃ નસવાડી, જીલ્લોઃ છોટાઉદેપુર-૩૯૧૧૫૦, ક્ષેત્રફળ ૮૧.૭૪ ચોરસ મીટર (આશરે). ચુતઃસીમાઃ પૂર્વઃ સોસાયટી રોડ, પશ્ચિમઃ પ્લોટ નં. એ/૧૩/૦૧, ઉત્તરઃ ખુલ્લી જગ્યા, દક્ષિણઃ પ્લોટ નં. બી-૦૯. | ૩૧.૧૨.૨૦૧૮ રૂ. ૧૩,૭૬,૮૦૯.૦૦ + વ્યાજ અને બીજા ખર્ચા | રૂ. ૧૧,૮૪,૦૦૦/- / રૂ. ૧,૧૮,૪૦૦/- / રૂ. ૧૦,૦૦૦/- |
| ૩. | નસવાડી શાખા પ્રબંધકઃ શ્રી રાકેશ પનવર મોઃ ૮૯૮૦૦૧૫૭૮૨ અધિકૃત અધિકારી શ્રી બ્રિજેશ કુમાર તિવારી મો.: ૮૯૮૦૦ ૧૫૭૭૭ | શ્રીમતી તારાબેન દીક્ષિતકુમાર તડવી (કરજદાર/માલિક) | રહેણાંક ઘર આવેલ છે તેનો આર.એસ. નં. ૧૩૫, પ્લોટ નં. એ-૮૨, સરકાર રેસીડન્સી, દાદા ના બગીચા ની સામે, મુ. પોસ્ટઃ નસવાડી, જીલ્લોઃ છોટાઉદેપુર-૩૯૧૧૫૦, ક્ષેત્રફળ ૪૪.૫૫ ચોરસ મીટર (આશરે). ચુતઃસીમાઃ પૂર્વઃ પ્લોટ નં. એ-૮૩, પશ્ચિમઃ પ્લોટ નં. ૮૧, ઉત્તરઃ પ્લોટ નં. એ-૯૫, દક્ષિણઃ સોસાયટી રોડ. | ૦૧.૧૧.૨૦૧૬ રૂ. ૮,૯૨,૬૭૫.૦૦ + વ્યાજ અને બીજા ખર્ચા | રૂ. ૭,૭૮,૮૫૦/- / રૂ. ૭૭,૮૮૫/- / રૂ. ૧૦,૦૦૦/- |

૧) નિરીક્ષણની તારીખ અને સમયઃ ૧૩.૦૯.૨૦૨૨ સવારના ૧૦.૦૦ થી સાંજના ૪.૦૦ દરમ્યાન.

૨) રસ ધરાવનાર બિડર ઈ-ઓક્શનની સમાપ્તિ પહેલાં MSTC સાથે પ્રી-બિડ EMD જમા કરી શકે છે. MSTC ના બેંક ખાતામાં ચુકવણીની પ્રાપ્તિ પછી જ બિડરને પ્રી-બિડ EMD ની ક્રેડિટ આપવામાં આવશે અને ઈ-ઓક્શન વેબસાઈટમાં આવી માહિતી અપડેટ કરવી. બેંકિંગ પ્રક્રિયા મુજબ આમાં થોડો સમય લાગી શકે છે અને તેથી બિડર્સને તેમના પોતાના હિતમાં, કોઈપણ છેલ્લી ઘડીની સમસ્યાને ટાળવા માટે અગાઉથી બિડ EMD રકમ સારી રીતે સબમિટ કરવાની સલાહ આપવામાં આવે છે.

૩) ઈ-હરાજીની તારીખ અને સમયઃ ૨૦.૦૯.૨૦૨૨ બપોરના ૧૨.૦૦ થી ૫.૦૦ સુધી (બિડના કિસ્સામાં ઓટો એક્ષ્ટેન્શન કલોઝ સાથે છેલ્લા દસ મિનિટમાં બંધ થતા પહેલા), ઓક્શન બેંકના અધિકૃત સર્વિસ પ્રોવાઈડર "https://www.mstcecommerce.com" દ્વારા કરવામાં આવશે.

વધુ વિગતો અને નિયમો અને શરતો માટે, રસ ધરાવનારાઓ અમારી બેંકની વેબસાઈટ https://www.centralbankofindia.co.in અને https://www.ibapi.in પર જોઈ શકે છે અને ઈ-ઓક્શન પાર્ટલ https://www.mstcecommerce.com/ auctionhome/ibapi માં ભાગ લેવા માટે બિડ સબમિટ કરી શકે છે.

રસ ધરાવનાર બોલીકારો જેમને લોગીન આઈડી અને પાસવર્ડ બનાવવા, ડેટા અપલોડ કરવા, બોલી સબમિટ કરવા, ઈ-બિડિંગ પ્રક્રિયા વિશે તાલીમ આપવાની આવશ્યકતા હોય છે, તેઓ તેમના સેન્ટ્રલ હેલ્પડેસ્ક નંબર ૦૩૩-૨૨૯૦૧૦૦૪ અથવા "https://www.mstcecommerce.com" પર સંપર્ક કરી શકે છે અથવા રીજીનલ ઓફિસ, વડોદરા ના અધિકૃત અધિકારીનો સંપર્ક કરો. ફોનઃ ૦૨૬૫-૨૪૧૪૪૭૨.

હરાજી વેચાણ જ્યાં છે, જે છે અને જેમ છે ના ધોરણે યોજવામાં આવનાર છે. બેંકને કોઈ પણ બાકી ચાર્જ વેરા વગેરે ની જાણ નથી. ખરીદારો તેની ચકાસણી કરવા બંધાયેલા છે અને જો કોઈ હોય તો તે તેમણે ભોગવવા પડશે.

સરફાઈસી એક્ટ ૨૦૦૨ના નિયમ ૮(૬) હેઠળ ૩૦ દિવસની વેચાણ નોટીસ

કરજદાર/જામીનદાર/મોર્ટગેજરને આમ સિક્યોર્ડ ક્રેડીટરની બાકી રકમની વસૂલાત માટે સ્થાવર/જંગમ સંપતિના વેચાણ અંગેની માહિતી આપવામાં આવે છે.

તારીખઃ ૧૯.૦૮.૨૦૨૨ | અધિકૃત અધિકારી,

સ્થળઃ વડોદરા | નોંધઃ વિવાદની સ્થિતિમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે. | રિજનલ ઓફિસ, સેન્ટ્રલ બેંક ઑફ ઈન્ડિયા, વડોદરા.


ત્રણ દિવસથી ઝઘડીયાથી કંટીયાજાળ જતી લાઈન બંધ કરાઈ

## દિગસ નજીક માટી ધસી પડતાં એનસીટીની લાઈન ક્ષતિગ્રસ્ત

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર ઉમરવાડા રોડ પર આવેલ નર્મદા ક્લીન ટેક લિમિટેડ ના ઝગડીયા જીઆઈડીસી ની પાઈપ લાઈન માં ગત 16 મી ના રોજ વરસાદ વચ્ચે પાઈપ લાઈન પાસે જમીન ધસી પડતા લાઈન બેસી જવા પામી હતી. જેને લઈ પ્રદુષિત પાણી જે દરિયા માં કંટીયાજાળ નજીક ઠાલવવામાં આવી રહ્યું હતું. તે અટકી જવા પામ્યું હતું.

વરસાદ વચ્ચે યુદ્ધ ના ધોરણે સમારકામ શરુ કર્યું હતું તેમજ ઝગડીયા ના ઉદ્યોગો ને પ્રદુષિત પાણી ના છોડવા તાકીદ કરી હતી. તેમજ એન.સી.ટી ના ગાર્ડ પોન્ડ માં પાણી સ્ટોરેજ કરવામાં આવ્યું હતું. જ્યારે દિગસ અને શેરા વચ્ચે બેસી ગયેલ પાઈપ લાઈન ના 2 પાઈપ કાઢી નાખી નવા પાઈપ બેસાડવામાં આવી રહ્યા છે. જે પૈકી એક પાઈપ બેસાડી દેવામાં આવ્યો છે જ્યારે અન્ય એક પાઈપ બેસાડવામાં માટે ની કામગીરી ચાલી રહી છે. ત્યારે આગામી 19 મીની સાંજ સુધી માં રીપેર થવાની શકયતા એનસીટી ના ચીફ ઓપરેશન હેડ પ્રફુલ પંચાલ ને જણાયું હતું.

ભરૂચ તાલુકાના કેલોદ ગામે બનેલી ઘટના

## દીવાલ ધસી પડતાં બે મિત્રો પૈકી એકનું મોત

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના કેલોદ ગામે ગભાણની દિવાલ ધસી પડતાં નજીકથી પસાર થતાં બે યુવાનો દબાયાં હતાં. જેમાં એક યુવાનનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું. જ્યારે અન્યને ગંભીર હાલતમાં નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ તાલુકામાં આવેલાં કેલોદ ગામે કારેલા ફળિયામાં રહેતો ભુરા ઠાકોર વસાવા તેમજ બકુર રણછોડ વસાવા ગામમાં રહેતાં અક્ષય પટેલના ડેલા પસેથી ઘરે સુવા માટે ચાલતાં જઈ રહ્યાં હતાં. તે વેળાં કનુ અશ્વિન પટેલના ગભાણની ઈંટની કાચા ચણતરવાળી દિવાલ પાસેથી પસાર થતી વેળાં તે દિવાલ અચાનક ધસી પડી હતી. જેની નીચે બન્ને દબાઈ ગયાં હતાં. અકસ્માતમાં ભુરા વસાવાને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે બકુર વસાવાના માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાને કારણે તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. ઘટનાને પગલે આસપાસના લોકોએ દોડી આવી બન્નેને બહાર કાઢ્યાં હતાં. જેમાં ભુરા વસાવાને ગંભીર ઈજાઓને કારણે તુરંત નજીકના આરોગ્ય કેન્દ્રમાં ખસેડ્યો હતો. બનાવને પગલે ભરૂચ તાલુકા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.